<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૫૬૫/૨૦૨૨, તા.૧૭/૧૦/૨૦૨૨

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૧૦/૧૦/૨૦૨૨ થી તા.૧૬/૧૦/૨૦૨૨** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :-**

(૧) કમલાબાગ પો.સ્ટે. ગુ.૨.નં. ૧૧૨૧૮૦૦૯૨૨૦૪૯૭ ક.૩૭૯ મુજબના કામના ફરિયાદીનુ બ્લેક કલરનુ સીલ્વર પટા વાળુ હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા રજી.નં. GJ-25-L-7463 વાળુ મોટર સાયકલ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- નુ કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ જઇ ગયેલ હોય સદરહુ ગુન્હાના કામે તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ ઉદ્યોગનગર પો.સ.ઈ. તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.હેડ.કોન્સ. ચેતન મોઢવાડીયા તથા મુકેશ માવદીયાને બાતમી મળેલ કે, પોરબંદર શહેર તરફથી ધરમપુરના પાટીયા તરફ એક ઈસમ ચોરીમાં ગયેલ મો.સા. લઈ આવે છે. જેથી ધરમપુર પાટીયા પાસે પહોંચતા એક ઈસમ નંબરપ્લેટ વગરનુ મો.સા. લઈ આવતો હોય. જેથી તેને રોકી નામ પુછતા અશોકસિંહ રણુભા ચુડાસમા હોવાનુ જણાવેલ બાદ મો.સા.ના રજી. કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા. મો.સા.ના ચેસીસ નંબર પોકેટકોપમાં સર્ચ કરતા મો.સા.ના રજી.નં.જી.જે-૨૫-એલ-૭૪૬૩ હોવાનુ જણાયેલ. બાદ ઈસમ ને સદર મો.સા. બાબતે પુછપરછ કરતા જન્માષ્ટમીના મેળા દરમ્યાન પોલીસ હેડ ક્વાટરેથી મો.સા. ચોરી કરેલ હોવાનુ જણાવેલ અને સદર મો.સા. બાબતે કમલાબાગ પો.સ્ટે. માં ગુન્હો રજી. થયેલ હોય. જેથી સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ કબ્જે કરી મજકુર ઈસમને સી.આર.પી.સી.ક.૪૧ (૧) આઈ મુજબ ધોરણસર અટક કરી કમલાબાગ પો.સ્ટે. નો ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ.

(૨) કમલાબાગ પો.સ્ટે. ગુ.૨.નં.૧૧૨૧૮૦૦૯૨૨૦૪૯૮ ક.૩૭૯ મુજબના કામના ફરિયાદીનુ લાલ અને બ્લ્યુ પટ્ટા ના કલર વાળુ હીરો કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા રજી.નં. GJ-03-BP-0430 વાળુ મોટર સાયકલ જેની કિ.રૂ.૨૦,૦૦૦/- નુ કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય સદરહુ ગુન્હાના કામે તા.૧૧/૧૦/૨૦૨૨ ના રોજ ઉદ્યોગનગર પો.સ.ઈ. તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહેલ તથા યુવરાજસિંહ જેઠવાને બાતમી મળેલ કે, ઓરીયન્ટ રોડ ઉપર એક ઈસમ નંબરપ્લેટ વગરનુ સ્પ્લેન્ડર મો.સા. લઈ ઉભો છે. તેવી બાતમી મળતા તે ઈસમની પુછપરછ કરતા તેનુ નામ મહેશ ઉર્ફે પપ્પુ કરશનભાઈ બાપોદરા હોવાનુ

જણાવેલ બાદ મો.સા.ના રજી.કાગળો માંગતા નહી હોવાનુ જણાવતા. મો.સા.ના ચેસીસ નંબર પોકેટકોપના સર્ચ કરતા મો.સા.ના રજી.નં.જી.જે-૦૩ બી.પી.-૦૪૩૦ હોવાનુ જણાયેલ. બાદ ઈસમ ને સદર મો.સા. બાબતે પુછપરછ કરતા જન્માષ્ટમીના મેળા દરમ્યાન ભાવસિંહજી હોસ્પીટલ નજીક થી મો.સા. ચોરી કરેલ હોવાનુ જણાવેલ અને સદર મો.સા. બાબતે કમલાબાગ પો.સ્ટે. માં ગુન્હો રજી. થયેલ હોય. જેથી સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ કબ્જે કરી મજકુર ઈસમને સી.આર.પી.સી.ક.૪૧ (૧) આઈ મુજબ ધોરણસર અટક કરી કમલાબાગ પો.સ્ટે. નો ચોરીનો ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ.

(૩) ઉદ્યોગનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૧૦૨૨૦૩૮૦ IPC ક.૪૫૭, ૩૮૦ મુજબના કામના ફરીયાદી રસોઇયા તરીકે કામ કરે છે તે હોનેસ્ટ હોટલના ઉપરના માળે આવેલ રૂમમાં કોઇ ચોર ઇસમ રાત્રીના સમયે રૂમમાં રહેલ ફરી.ના બે મોબાઇલ ફોન જેમાં (૧) રેડમી કંપનીનો જેની કિ.રૂ.૭૦૦૦/- તથા (૨) પોકો કંપનીનો જેની કિ.રૂ.૮૦૦૦/- મળી કુલ કી.રૂ.૧૫૦૦૦/- ના મુદામાલની કોઈ ચોરી કરી લઈ ગયેલ હોય સદરહુ ગુન્હાના કામે તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ ઉદ્યોગનગર પો.સ.ઈ. તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ.કોન્સ. ચેતન મોઢવાડીયા તથા મુકેશ માવદીયાને ચોક્કસ બાતમી મળેલ કે, એક ઈસમ ચોરીમાં ગયેલ મોબાઈલ લઈ બોખીરા સતીઆઈના મંદીર નજીક આવતો હોય. ત્યાં જઈ એક ઈસમ ઉભેલ હોય. જેની પુછપરછ કરતા પોતાનુ નામ મહમદ નાશીરભાઈ શાહમદાર રહે.કુંભારવાડો જિ.પોરબંદર વાળા હોવાનુ જણાવેલ. જેની પાસે બે એન્ડ્રોયફોન હોય. જે મોબાઈલ ફોન અંગે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપેલ ન હોય. જેથી મજકુરનો ગુનાહીત ઈતિહાસ ચેક કરેલ અને તેની ઉડાણપુર્વક પુછપરછ કરતા પોતે બંને મોબાઈલ દશેક દિવસ પહેલા હોનેસ્ટ હોટલમાંથી ચોરી કરવાનુ હોવાનુ જણાવેલ જેથી ઈસમને ધોરણસર અટક કરી ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ.

**મુદ્દા નંબર ૫:- વુધ્ધો મહીલા કે બાળકો ની સુરક્ષા માટેની કામગીરી:-**

(૧) તા.૧૦/૧૦/૨૦૨૨ થી તા.૧૬/૧૦/૨૦૨૨ દરમ્યાન હાર્બર મરીન પો.સ્ટે.ના સી ટીમના કર્મચારીઓ દ્વારા સુભાષનગર તથા જાવર વિસ્તારમાં સીનીયર સીટીઝનની મુલાકાત લીધેલ અને કોઈ તકલીફ કે મુશ્કેલી હોય તો સી-ટીમ તથા ડાયલ ૧૦૦ નંબર પર જાણ કરવા સમજ કરેલ.

જે આપશ્રીને વિદિત થાય.

(નિલમ ગોસ્વામી)
ઇ.ચા.ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર